જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૬/૨૦૧૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી ૩૭૯ લીટર દેશી દારૂ, ૧૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૯૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૪૭,૬૪૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૬/૧૬**

**જીઆઈડીસી વટવાઃ** અનીતાબહેન અભિલાષા પવાર (રહે. પ્રકાશ એપાર્ટમેન્ટ ગીતાજંલી સ્કુલની બાજુમા વિઠ્ઠલનગરનો ટેકરો) એ જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૬/૧૬ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે જશોદાનગર વિઠ્ઠલનગરનો ટેકરો પ્રકાશ એપાર્ટમેન્ટ નજીકથી પોતાની પુત્રી ગાયત્રી (ઉ.વ.૧૫) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ઝેડ.એ.શેખ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** નેહાબહેન બબાભાઈ પટેલ (ઉ.વ.૧૬) (રહે.બ્લોક ૭૮ કૃષ્ણનગર) ને તા.૨૬/૬/૧૬ ના દોઢ માસ પહેલા ઘર નજીકથી આરોપી અમર અનીલભાઈ શીરસાદ (રહે. ડીફેન્સ કોલોની ભાર્ગવ રોડ મેઘાણીનગર) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ નેહાબહેનની માતા રીયાબહેન પટેલે તા.૨૬/૬/૧૬ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે કે રાઠોડ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૭/૧૬**

**મેઘાણીનગરઃ** દિપક ખોડીદાસ પરમાર (રહે.ભીમરાવ સોસાયટી શારદાકુંજ કલાપીનગર મેઘાણીનગર) એ કોઈ કારણસર તા.૨૬/૬/૧૬ કલાક ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દીલીપસિહ ગંભીરસિહ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સાબરમતીઃ** પ્રિયંકાબહેન રજતકુમાર દૈયા (ઉ.વ.૧૮) (રહે.શાંતીધામ ફ્લેટ ડી કેબીન સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૨૬/૬/૧૬ કલાક ૧૦/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શનાભાઈ ધુળાભાઈ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)